<u>વર્ષ ૨૦૨૬-૨૭ નવી બાબત</u>

વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં (૧૦૦% સ્ટેટ બર્ડન) "સ્પોટ ફિડિંગ યોજના અંતર્ગત ડીજીટલ ટ્રેકિંગ સીસ્ટમ બનાવવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **WCDD/NIE/e-file/23/2025/1343/B**

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા. ૩૦/૦૫/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: **WCDD/IMR/e file/23/2022/0016/B**

(૨) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૮/૧૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: પોષણ/ આઇસીડીએસ/સ્પોટ ફિડીંગ/નવી બાબત/૨૦૨૬-૨૭/૫૧૩૯૪/૩૯૫

<u>પ્રસ્તાવના:</u>

વંચાણે લીધા ક્રમાંક(૧) થી પોષણ સુધા યોજના હેઠળ હાલ ગુજરાત રાજ્યના તમામ ૧૪ ટ્રાયબલ જિલ્લાઓના ૧૦૬ ઘટકોમાં સગર્ભા અને ધાત્રી માતાઓને(૬ માસનું બાળક થાય ત્યાં સુધી) એક વખતનું સંપૂર્ણ ભોજન આપવાની યોજના અમલી છે.આ કાર્યક્રમનો એકંદર ધ્યેય તમામ આદિજાતી જિલ્લાઓના તમામ આદિજાતી આંગણવાડી કેન્દ્રોમાં નોંધાયેલ સગર્ભા અને ધાત્રી માતાઓમાં પોષણ સ્થિતિમાં સુધારો લાવવાનો છે.વંચાણે લીધા ક્રમાંક(૨) થી કમિશ્નરશ્રી, આઇ.સી.ડી.એસ.ની કચેરી દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં (૧૦૦% સ્ટેટ બર્ડન) "સ્પોટ ફિડિંગ યોજના અંતર્ગત ડીજીટલ ટ્રેકિંગ સીસ્ટમ બનાવવા નવી બાબત મંજૂર કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં (૧૦૦% સ્ટેટ બર્ડન) "સ્પોટ ફિડિંગ યોજના અંતર્ગત ડીજીટલ ટ્રેકિંગ સીસ્ટમ બનાવવા માટે રૂ. ૦.૧૦ કરોડની નવી બાબતને આથી નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો :-</u>

(૧) પ્રસ્તુત બાબતનો ખર્ચ તા.૦૧-૦૪-૨૦૨૬થી કરવાનો રહેશે.

(૨) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે.

(3) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૪) **Social Audit** અને **Third party Verification** પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૫) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૭) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૦) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૧૧) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના પરિપત્રો અને લાગુ પડતા ઠરાવો/નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતીથી કરવાનું રહેશે.

(૧૨) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૪) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઈ પણ સંજોગોમાં નાણા વિભાગની પુર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહી અન્યથા તે અંગેની જવાબદારી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે, પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૮) આઈ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત કચેરીની થશે.

(૧૯) નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઈ શકે.

(૨૦) ખરીદીના વિકલ્પો Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance,કે અન્યે Hybrid model થી કામગીરી લઈ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે.

(૨૧) ગ્રાન્ટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.

(૨૨) આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.

(૨૩) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૨૪) આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૨૫) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૬) આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકાર તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.

(૨૭) જો કોઈ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.

(૨૮) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માગણી નંબર: ૯૬

મુખ્ય સદર: ૨૨૩૬

પેટા મુખ્ય સદર: ૦૨

ગૌણ સદર: ૭૯૬

પેટા સદર: ૨૯ (૧૦૦% State)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૭/૦૫/૨૦૨૬ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

ડી.યુ.ગોસાઈ

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન.રા.ક.મંત્રીશ્રી,(સ્વતંત્ર હવાલો)મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૩) સચિવશ્રી (આ.બા)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૪) સચિવશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

(૫) સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૬) કમિશ્નરશ્રી(આઇ.સી.ડી.એસ.) મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૭) નાણા સલાહકારશ્રી (મ.બા.વિ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ

(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

(૧૦) સેક્શન અધિકારીશ્રી, (બજેટ) શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૧૧) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને અને બાળ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

(૧૨) સિલેકટ ફાઇલ.

Signature Not Verified
Signed by : Dhaval U Gosai
Under Secretary
Women and Child Development Department
Date : 2026.05.07 17:42:26 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign